| | |
|---|---|
| દાખલ તારીખ | :- ૧૫/૧૨/૨૦૨૨ |
| રજિસ્ટર તારીખ | :- ૧૫/૧૨/૨૦૨૨ |
| નિકાલ તારીખ | :- 07/03/2023 |
| **સમયગાળો** | **વર્ષ માસ દિવસ** |

**ગાંધીધામના મહે. બીજા અધિક ચીફ જયુડીશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. તા. ગાંધીધામ-કચ્છ**

**ફોજદારી કેસ નંબર : ૫૯૯૨/૨૦૨૨**

(આદિપુર પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુના રજિ. નં. ૧૫૨/૨૦૧૫)

**આંક : -** 12B

**ફરીયાદી :** **શ્રી સરકાર.**

**વિરુદ્ધ**

**આરોપીઓ :** ૧. **ઈકબાલ ઈસ્માઈલ સંઘાર**
ઉ.વ.૩૪, ધંધો. પ્રાઈવેટ નોકરી,
રહે. ગામ. તુણા(વંડી),
અંજાર – કચ્છ.

૨. **મામદ કારાભાઈ બુચડ**
ઉ.વ.૨૨, ધંધો. પ્રાઈવેટ નોકરી,
રહે. ગામ. તુણા(વંડી),
અંજાર – કચ્છ.

ફરીયાદ પક્ષ તરફે વિ. એપીપીશ્રી બી.એચ.પટેલ

આરોપીઓ તરફે વિ. વકીલશ્રી એ.આર.પરમાર

**ગુનો:** **ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૭૯ અને ૧૧૪ મુજબનો.**

## – : : ચુ કા દો : : –

(૧) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કે, ફરીયાદીની ચા ની લારી ઉપર રાખેલ ઓપ્પો કંપનીનો મોબાઈલ જેના IMEI NO. 866030055071435 / 866030055071427 જેની હાલે કિંમત રૂ.૭૦૦૦/– વાળાની ચોરી કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી પાછળથી ચોરીમાં ગયેલ મુદામાલ સાથે પકડાઈ જઈ ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૭૯, ૧૧૪ મુજબ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજૂ કરેલું છે.

(૨) સદર કેસની ચાર્જશીટ રજૂ થયા બાદ આરોપીઓ હાજર રહેતા આંક–૨ થી તહોમતનામું ફરમાવી આંક–૩ અને આંક – ૪ થી આરોપીઓનો જવાબ લેવામાં આવેલ જેમાં આરોપીઓને ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવાનું જણાવેલ.

(૩) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે :–

**મૌખિક પુરાવો**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ પ્રેમજી કોરશી મહેશ્વરીની સોગંદપરની જુબાની | ૦૫ |
| ૨ | ફરીયાદી મુકેશ દેવીદાસ ભાનુશાળીની સોગંદઉપરની જુબાની | ૦૭ |

## દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજની વિગત. | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું | ૦૬ |
| ૨ | ફરીયાદ | ૦૮ |

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં આંક – ૦૯ થી કલોઝીંગ પુરશીસ રજુ કરી આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ : ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય, આ કામે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ની તથા આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રીની દલીલો સાંભળી.

(૬) આ કામના નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**મુદ્દા નં.(૧).** શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીની ચા ની લારી ઉપર રાખેલ ઓપ્પો કંપનીનો મોબાઈલ જેના IMEI NO. 866030055071435 / 866030055071427 જેની હાલે કિંમત રૂ.૭૦૦૦/– વાળાની ચોરી કરી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી પાછળથી ચોરીમાં ગયેલ મુદામાલ સાથે પકડાઈ જઈ ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૭૯, ૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયના કારણો અને તારણો નીચે મુજબ છે.

(૧) **નકારમા.**

(૨) **આખરી હુકમ મુજબ.**

**– : : નિર્ણય માટેના કારણો : : –**

**મુદા નં. (૧) :–**

(૮) આ કામે ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધનો ગુન્હો પુરવાર કરવા માટે ઉપરોકત ચર્ચા કર્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે તે ધ્યાને રાખતા ફરિયાદ પક્ષનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદી આંક–૭ થી મુકેશ દેવીદાસભાઈ ભાનુશાળી નાઓને ફરિયાદ પક્ષે તપાસેલા છે. સદરહુ ફરિયાદી તેઓની સરતપાસમાં જણાવે છે કે , બનાવ આશરે પાંચેક માસ પહેલા બનેલો, બનાવ વખતે ચા બનાવતો હોઈ મોબાઈલ લારી ઉપર મુકી અને એક ભાઈને ચા તથા પાણીની બોટલ આપવા ગયેલો અને પાછો આવતા મોબાઈલ જોવામાં આવેલ નહી. ચોરી કોણે કરી તેની મને ખબર નથી.જે અંગેની ફરીયાદ મે કરેલી. અમારે આ કેસ આગળ ચલાવવો નથી.

બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત નો સ્વીકાર કરેલ છે કે,ચોરી કોણે કરી તેની મને ખબર નથી.

(૯) ઉપરોકત વિગતે ફરિયાદ પક્ષે રજૂ સમગ્ર પુરાવો ધ્યાને રાખતાં ફરિયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલા ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતા હાલના આરોપીઓએ આક્ષેપિત ગુનો કર્યો હોય તેવી કોઈ હકીકત ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી, વધુમાં, ફરીયાદીએ આંક– ૦૯ થી કલોજીંગ પુરશીસ રજુ કરી

ફરીયાદીએ જણાવેલ છે કે આ કામે આજરોજ જુબાની આપી દિધેલ છે અને હવે પછી કોઈપણ જાતના વિશેષ પુરાવા આપવા માંગતા નથી જે કલોજીંગ પુરશીસથી રજુ કરી જણાવેલ છે.

(૧૦) આમ ફરીયાદ, પક્ષનો પુરાવો જોવામાં આવેતો ફરીયાદીના મોબાઈલની ચોરી કોણે કરી તેની ફરિયાદીને ખબર નથી. વધુમાં આંક–૦૬ થી રીકવરી પંચનામું રજુ છે અને તેના પંચ પ્રેમજી કોરશી મહેશ્વરીને આંક–૦૫ થી તપાસેલ છે પંરતુ સદર પંચ સાહેદ અવુ જણાવે છે કે પોલીસે તેમની રૂબરૂ કોઈ પંચનામુ કરેલ નથી અને સદર પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ સદર પંચ સાહેદ પંચનામાની હકિકતને સમર્થન આપતા નથી જેથી ફરીયાદપક્ષ આંક–૦૬ વાળુ રીકવરી પંચનામું પુરવાર કરી શકેલ નથી. જેથી સદર પંચ સાહેદ નો પુરાવો જોવામાં આવે તો હાલના આરોપીઓએ મોબાઈલની ચોરી કરેલ હોય તે હકિકત સદર પંચસાહેદના પુરાવા ઉપરથી ફલીત થતી નથી. વધુમાં આંક–૦૯ થી ફરીયાદી દવારા પુરાવા બંધ કરવાની કલોઝીંગ પુરશીશ આપેલ છે. જેથી ફરીયાદપક્ષ દવારા વધુ કોઈ પુરાવા લેવામાં આવેલ નથી.

આમ, ઉપર મુજબનો ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરેલ પુરાવો આરોપીઓને તકસીરવાન ઠરાવવા પૂરતો જણાતો નથી, તેથી ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડતા હોઈ, આમ, ઉપરોકત મુદ્દા નંબર : ૧ ની ચર્ચા ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધ મુદ્દા નં. ૧ નિશંક પણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ

છે ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શંકાનો લાભ આરોપીઓને મળવા પાત્ર હોય તે સંજોગોમાં મુદ્દા નં. ૨ નો નિર્ણય આખરી હુકમ મુજબ ફરમાવવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

**(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ : ૨૪૮ (૧)** અન્વયે આ કામના આરોપી**૧. ઈકબાલ ઈસ્માઈલ સંઘાર** રહે. ગામ. તુણા(વંડી), અંજાર - કચ્છ. **૨. મામદ કારાભાઈ બુચડ** રહે. ગામ. તુણા(વંડી), અંજાર - કચ્છનાઓને તેમની વિરુધ્ધના **ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૭૯ અને ૧૧૪** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદામાલ મોબાઈલ અંગેનો વચગાળાનો હુકમ અપીલ પીરીયડ બાદ કાયમ રાખવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ : ૧ , માહે : [illegible], સને : ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

P.P.Jadeja 1/5/23

તારીખ : ૧/૦૫/૨૦૨૩
ગાંધીધામ - કચ્છ

(પુર્વજીતસિંહ પ્રવીણસિંહ જાડેજા)
બીજા અધીક ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
ગાંધીધામ-કચ્છ
કોડ નંબર : જી. જે. ૦૦૮૩૨

AAS